# ગાંધીનગર સંદેશ

ગુરુવાર, તા.૨૯-૧૨-૨૦૨૨ | ૨૧/૧, 'ઘ' ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર | ફોન ૨૩૨૩૮૯૭૨ | gandhinagar@sandesh.com





સેક્ટર-૨૪ સહિત તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં પેવરબ્લોક નાંખવા સૂચના


Page 04


હોટેલ મેનેજમેન્ટના ૨૦ વિદ્યાર્થીઓનું જૂથ ગુડ ગવર્નન્સ કાર્યક્રમ અંતર્ગત ભાગ લેવા ઈન્ડિયા આવ્યા છે

# કમ્બોડિયાનો વધુ એક વિદ્યાર્થી કોરોના સંક્રમિત: અન્ય ૧૭ના રિપોર્ટ નેગેટિવ

**કોરોના અપડેટ** સંપર્કમાં આવેલ રાષ્ટ્રીય રક્ષા યુનિ.ના પ્રોફેસર અન્ય પાંચ વિદ્યાર્થી સહિત ૧૮નું પણ ચેકઅપ કરાયું

| ગાંધીનગર |

કમ્બોડિયાથી ગાંધીનગર આવેલા હોટલ મેનેજમેન્ટના ૨૦ વિદ્યાર્થીઓના જૂથ પૈકી વધુ એક વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયો છે. ગઈકાલે આ જૂથની એક વિદ્યાર્થિનીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા તેણીની સાથે રહેલા અન્ય વિદ્યાર્થીઓના કોરોના રિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ઉપરોક્ત વિદ્યાર્થી પણ કોરોના સંક્રમિત હોવાનું જણાયું હતું. જ્યારે બાકીના ૧૭ વિદ્યાર્થીઓના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્ર દ્વારા રાહતનો શ્વાસ લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ વિદ્યાર્થીઓને ગુડ ગવર્નન્સ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યા હતા.

દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્રની ટીમ દ્વારા કોરોના સંક્રમિત ઉપરોક્ત દર્દીઓના સંપર્કમાં આવેલા અન્ય લોકોનું પણ કોન્ટેક્ટ ટ્રેસીંગ કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રોફેસર અને તેમની સાથે ડાયરેક્ટ કોન્ટેક્ટમાં રહેલા સ્થાનિક પાંચ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, કમ્બોડિયાથી આવેલા હોટલ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓના આ જૂથને ગુડ ગવર્નન્સ કાર્યક્રમ અંતર્ગત સ્પોન્સર કરવામાં આવ્યા હતા. તેઓનું રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં નિયમોનુસાર કોરોના રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેમાં એક વિદ્યાર્થિની કોરોના સંક્રમિત થયાનો રિપોર્ટ આવ્યો હતો. જેના પગલે આરોગ્યની ટીમ દ્વારા તાત્કાલીક અસરથી ગઈકાલે જ અન્ય ૧૯ વિદ્યાર્થીઓને ગિફ્ટસિટી સ્થિત ક્લબમાં આઈશોલેટ કરવામાં આવ્યા હતા અને તમામનો કોરોના રિપોર્ટ કરાયો હતો. જેમાં આજે વધુ એક ૩૮ વર્ષિય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.


જ્યારે બાકીના ૧૭ વિદ્યાર્થીઓનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આ વિદ્યાર્થીઓના ગ્રૂપ સાથે સંપર્કમાં આવેલા તમામ ૧૮ લોકોને પણ ઓળખી તેમનો રિપોર્ટ કરવામાં આવી રહ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને એરપોર્ટથી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ લાવનાર ડ્રાઈવર ઉપરાંત એક પ્રોફેસર, ભોજન પિરસનાર વેઈટર અને કૂક સહિતનો સમાવેશ થાય છે.

**કોરોના સંક્રમિત વિદ્યાર્થીને કોઈ લક્ષણો જ નથી**

કમ્બોડિયાના ૨૦ વિદ્યાર્થીઓ પૈકી બે છાત્રો કોરોના સંક્રમિત બન્યા છે.જેમાં ગઇકાલે સંક્રમિત બનેલી વિદ્યાર્થીનીને ગળામાં ખરાશ હોવાની ફરિયાદ હતી. જ્યારે આજે કોરોના પોઝિટીવ આવેલા ૩૮ વર્ષિય વિદ્યાર્થીને કોરોનાના કોઇ જ પ્રકારના લક્ષણો નહી હોવાનું જણાઇ આવ્યુ હતું. આ બંને વિદ્યાર્થીઓના સેમ્પલ જીનોમ સિક્વન્સ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા છે.

ચૂંટણી જીત્યા પછી ધારાસભ્ય એક્શનમાં : રજૂઆતોને નજરઅંદાજ કરતી કંપની દોડતી થઈ

# કલોલ હાઈવે ઉપર વરસાદી પાણીના નિકાલ માટે GRICL કંપનીને ધારાસભ્યની સૂચના



હાઈવે પર અંબિકા પીકઅપ સ્ટેન્ડ પાસે પે એન્ડ યૂઝ બનાવવા પણ તાકીદ

| કલોલ | (સં.ન્યૂ.સ.)

કલોલના અંબિકા નગર પાસે આવેલ પીકઅપ સ્ટેન્ડ પાસે પે એન્ડ યુઝ બનાવવા અને બળીયાદેવ મંદિર પાસે ભરાઈ રહેતા વરસાદી પાણીના નિકાલ માટે આજરોજ કલોલના ધારાસભ્યએ જીઆરઆઈસીએલ કંપનીના અધિકારીઓને બોલાવીને જરૂરી સૂચના આપી હતી. અને આ બાબતે સત્વરે કામગીરી શરૂ થાય તેવી પણ તાકીદ કરવામાં આવી હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ શહેરના હાઈવે ઉપર બળીયાદેવના મંદિર પાસે સર્વિસ રોડ ઉપર વર્ષોથી વરસાદી પાણી ભરાઈ રહેવાની ગંભીર સમસ્યા સર્જાય છે તેમ છતાં હાઈવે ટોલ રોડ ઓથોરિટી દ્વારા કોઈજ પગલા ભરવામાં આવતા નથી અને ફક્ત પંપ મૂકીને તેનું પાણી એસ.ટી.વર્કશોપમાં છોડી દઈ કામગીરી કર્યાનો સંતોષ માનવામાં આવે છે. જે બાબતે અવારનવાર તંત્રમાં રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં કોઈજ પગલા ભરવામાં આવતા ન હતા. કલોલના ધારાસભ્ય બકાજી ઠાકોર દ્વારા આજરોજ કલોલ ટોલ રોડ હાઈવે ઉપર પડતી તકલીફો બાબતે જી.આર. આઈ.સી.એલ.ના અધિકારીઓને સ્થળ ઉપર બોલાવવામાં આવ્યા હતા. અને અધિકારીઓને બોલાવીને બંને સાઈડનો સર્વિસ રોડ રિપેરિંગ કરવા માટે તેમજ પુલ ઉપર સાફ-સફાઈ કરવા માટે અને ગટરના તૂટી ગયેલા ઢાંકણા નાખવા બાબતે સૂચના આપવામાં આવી હતી. તેમજ વર્ષોથી ભરાઈ રહેતા વરસાદી પાણીના નિકાલ માટે સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી ટકોર કરવામાં આવી હતી ત્યારબાદ શહેરના અંબિકા નગર હાઈવે ઉપર પીકઅપ સ્ટેન્ડની પાસે પે એન્ડ યુઝ શૌચાલય બનાવવા માટે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને જનતાને કોઈ તકલીફ ન પડે તે માટે શક્ય તેટલું ઝડપી કામ પૂર્ણ કરવા માટે કંપનીના અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી હતી.



**પુલ ઉપર સાફ સફાઈ અને બંને સાઈડનો રોડ રિપેર કરવાની સૂચના અપાઈ**

ગઠિયાઓએ દળેલું મરચું-હળદર - ધાણાજીરું, ગરમ મસાલાના પેકિંગ મંગાવ્યા હતા

# કારોલીના વેપારી સાથે અમદાવાદના બે ગઠિયાએ ૭ લાખથી વધુની છેતરપિંડી કરી

એકવાર નહીં ચાર વખત ૩૩૭૮ કિલો માલ લીધા પછી પૈસા આપવામાં ઠાગાઠૈયા કર્યા

| કલોલ | (સં.ન્યૂ.સ.)

કલોલ તાલુકાના કારોલી ગામે ગરમ મસાલાનો હોલસેલમાં વેપાર કરતા વેપારી સાથે અમદાવાદના બે શખ્સોએ રૂા. ૭,૨૬,૦૫૮ની છેતરપિંડી કરી હતી. માલ મંગાવીને આ લોકોએ પૈસા નહીં આપતા વેપારી પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં તેણે પોતાની સાથે છેતરપિંડી આચરનાર બંને શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતા વિનોદભાઈ કાંતિભાઈ પટેલ કલોલ તાલુકાના કારોલી ગામમાં કર્ણાવતી મસાલા નામની કંપની ચલાવે છે. જેમાં તેઓ ગરમ મસાલા બનાવીને હોલસેલમાં વેપાર કરે છે ત્યારે અમદાવાદમાં રહેતા હાર્દિકભાઈ પ્રજાપતિ અને ફકરૂદ્દીનભાઈ મોહમ્મદ અન્સારી કે જેઓ રૂહી એન્ટરપ્રાઈઝ હીરાવાડી અમદાવાદ ખાતે વેપાર કરે છે તેઓએ વિનોદભાઈ પાસેથી માલ લેવાની તૈયારી દર્શાવી હતી. અને એ માલ પેટે તેઓએ તેમને કોરા ચેક આપ્યા હતા. ત્યારબાદ આ બંને જણાએ વિનોદભાઈની કંપનીમાંથી દળેલુ મરચું તથા દળેલી હળદર અને દળેલું ધાણાજીરૂં તેમજ ગરમ મસાલો વગેરે અલગ અલગ પેકિંગમાં કુલ ચાર વખત ૩,૩૭૮ કિલો માલ લીધો હતો. જે પેટેના રૂપિયા ૭,૨૬,૦૫૮ તેઓએ ચૂકવ્યા ન હતા. અને પૈસા આપવા માટે ઠાગાઠૈયા કરતા હતા. જેથી વિનોદભાઈએ પોતાની સાથે છેતરપિંડી આચરનાર બંને શખ્સો સામે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાંદખેડાની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર શખ્સને ત્રણ વર્ષની કેદ

પુત્રી માતા સાથે ટ્યૂશનેથી પરત ફરતી હતી ત્યારે શખ્સ બાઈક પર બેસાડી ભગાડી ગયો હતો

| ગાંધીનગર |

ચાંદખેડાની સગીરાને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી જનાર શખ્સને અત્રેની કોર્ટે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ત્રણ વર્ષ કેદની સજા અને દંડ ફટકાર્યો છે. આ શખ્સે વર્ષ ૨૦૧૮ની સાલમાં સગીરા પોતાની માતા સાથે ટ્યુશનેથી પરત ફરી રહી હતી ત્યારે બાઈક પર બેસાડી ભગાડી ગયો હતો. બીજા દિવસે સગીરા પરત ફરી ત્યારે તેણે આરોપી સામે નિવેદન આપ્યુ હતું.

બનાવ ગત તા. ૨૬ જુલાઈ ૨૦૧૮ના રોજ ચાંદખેડા નારાયણ સર્કલ પાસે બન્યો હતો. અહિથી ન્યુ ભાવિકનગર વિસ્તારમાં રહેતો જીમ્મી ત્રિભોવન મકવાણા નામનો યુવાન સગીરાને બાઈક પર બેસાડી ભગાડી ગયો હતો. આ બનાવ બન્યો ત્યારે સગીરાની ઉંમર ૧૪ વર્ષ અને સાત માસની હતી. તેણીને આ શખ્સ લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી ઉપાડી ગયો હતો. સગીરા અને તેની મમ્મી સાથે ટ્યુશનેથી પરત ફરી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. જે મામલે સગીરાના પિતાએ ઉપરોક્ત શખ્સ સામે ફરિયાદ નોંધાવતા ચાંદખેડા પોલીસે આઈપીસી ૩૬૩, ૩૬૬ અને પોક્સો હેઠળ ગુનો નોંધી


અનુસંધાન **પાના નં.3** ઉપર


# ચંદ્રાલા નજીક લક્ઝરીમાં દારૂની બોટલો સાથે મુસાફર ઝડપાયો

મુસાફરના સામાનમાંથી દારૂની ૨૪ બોટલો મળી આવી

| ડભોડા | (સં.ન્યૂ.સ.)

ચિલોડા પોલીસે વાહન ચેકિંગ દરમિયાન વધુ એક વખત વિદેશી દારૂ સાથે એક મુસાફરને ઝડપી પાડ્યો હતો. ચંદ્રાલા પાસેથી ઝડપાયેલા ઈસમના કબજામાંથી ૨૪ નંગ દારૂની બોટલો મળી આવતા ગુનો નોંધવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસે રાબેતા મુજબ વાહન ચેકિંગ કરી રહી હતી. દરમિયાન હિંમતનગર તરફથી શ્રી પાર્શ્વનાથ ટ્રાવેલ્સની બસ નંબરએનએલ.૦૭.બી.૦૬૯૦ આવતા રોકાવીને તપાસ કરી હતી. બસમાં સવાર મુસાફરોનો સામાન ચેક કરતા એક મુસાફરના સામાનમાંથી વિદેશી દારૂની ૨૪ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે પૂછપરછ કરતા કિસનલાલ મોહનલાલ સેન (રહે. અસારવા, અમદાવાદ તેમજ મુળ મજેરા નાથદ્વારા) હોવાનુ જણાવ્યુ હતુ. ૯૪૦૮ નો દારૂ કબજે કરીને ઝડપાયેલા ઈસમ વિરુધ્ધ પ્રોહિબિશન મુજબ ગુનો નોંધવામાં આવ્યો


અનુસંધાન **પાના નં.3** ઉપર


તસ્કરો તિજોરી સાફ કરી ગયા: દાગીના અને રોકડ મળી ૧.૯૦ લાખની ચોરી

# દહેગામમાં ક્લાસિસ ચલાવતા સંચાલક આબુ ફરવા ગયા, ને બંધ ઘરમાં તસ્કરોએ ખાતર પાડ્યું

વિદ્યાર્થીઓ માટે એક દિવસીય આબુનો પ્રવાસ ગોઠવવો સંચાલકને ભારે પડ્યો

| દહેગામ | (સં.ન્યૂ.સ.)

દહેગામમાં ખાનગી ક્લાસીસ ચલાવતા એક સંચાલકના ઘરમાં તસ્કરોએ રાત્રે ખાતર પાડ્યુ હતુ. ઘરના દરવાજાનુ તાળુ તોડીને અંદરથી સોના ચાંદીના દાગીના સહીત રોકડ રકમની ચોરી કરી હતી. ૧. ૯૦ લાખના મુદ્દામાલની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ જતા દહેગામ પોલીસમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. ટ્યુશનના સંચાલકને એક દિવસનો પ્રવાસ ૧.૯૦ લાખમાં પડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ દહેગામના પંકજ સોસાયટીમાં મકાન નંબર ૭૬-એમાં રહેતા અપૂર્વભાઈ વિજયભાઈ જયસ્વાલ દહેગામના વલ્લભપાર્ક ખાતે ધોરણ ૧થી ૧૨ સુધીની ખાનગી ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. ગત ૨૬ મીના રોજ અપૂર્વભાઈ તેમની પત્નિ અને દિકરી સાથે ઘરે લોક કરીને તેમના ઈન્સ્ટિટ્યૂટ ખાતે રાત્રે સાડાબાર વાગે ગયા હતા. ક્લાસીસમાં આવતા ધોરણ ૯થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે માઉન્ટ આબુનો એક દિવસના પ્રવાસનુ આયોજન કર્યુ હતુ. ટ્રાવેલ્સ બસમાં બાળકોને લઈને રાત્રે નીકળ્યા હતા. બીજા દિવસે પ્રવાસ પુરો કરીને ૨૭ મીએ રાત્રે દોઢ વાગે ઘરે પહોંચ્યા ત્યારે ચોંકી ઉઠ્યા હતા. ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો અને દરવાજો પણ ખુલ્લો હતો. અંદર જઈને સરસામાન વેરવિખેર પડેલો જોઈને સંચાલકને ભરશિયાળામાં પરસેવો છૂટી ગયો હતો. સ્ટોરરુમમાં મૂકેલી તિજોરી પણ તૂટેલી હતી. તિજોરીમાં ચેક કરતા સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ ગુમ હતી. તિજોરીમાંથી અપુર્વભાઈની માતાનો દોઢ તોલાનો સોનાના દોરો (૭૫ હજાર), બે નંગ સોનાની બંગડી (૧ લાખ) તથા જુનો ચાંદીનો સેટ અને જુડો (૧૦ હજાર) તેમજ તિજોરીમાં રાખેલા પાંચ હજાર રોકડાની ચોરી થઈ ગઈ હતી. આમ માઉન્ટ આબુની એક જ દિવસની પિકનીક સંચાલકને ૧.૯૦ લાખમાં પડી હોવાનો ઘાટ જોવા મળ્યો છે. ખાનગી ઈન્સ્ટીટ્યુટ સંચાલકના ઘરમાં તસ્કરોએ મોટી ચોરી કરીને ૧.૯૦ લાખનો મુદ્દામાલ ચોરી કરતા દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# છત્રાલ હાઈવે ઉપર સામસામે બાઈક ભટકાતા એકનું મોત

એક બાઈકચાલક યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું

| કલોલ | (સં.ન્યૂ.સ.)

કલોલ તાલુકાના છત્રાલ ગામે હાઈવે ઉપર સામસામે બે બાઈકો ધડાકાભેર ટકરાયા હતા. આ અકસ્માતમાં બાઈક ચાલક એક યુવકને શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ તાલુકાના છત્રાલ ગામે સર્જાયેલા બાઈક અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું હતું. છત્રાલ ગામે રહેતા વિશાલભાઈ જયંતીભાઈ દંતાણી બાઈક ઉપર તેમના ભાઈ જોરાભાઈ દંતાણીને બેસાડીને પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી પૂરપાટ આવેલ બાઈક નંબર જી.જે. ૧૮ બી. એલ. ૪૩૦૧ ના ચાલકે વિશાલભાઈ ના બાઈકને ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. સામ સામે બાઈક ટકરાતા વિશાલભાઈ જયંતીભાઈ દંતાણીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળેજ મોત નીપજ્યું હતું. અને તેની સાથે રહેલ જોરાભાઈ દંતાણીને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત અંગે પોલીસે મૃતકના ભાઈ આકાશભાઈ જયંતીભાઈ દંતાણીની ફરિયાદના આધારે અકસ્માત કરનાર બાઈક ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહુડીમાં વૃદ્ધાએ છૂટા પૈસા ન આપતા પડોશીએ માર માર્યો

**પડોશી શખ્સે વૃદ્ધા સાથે ઝપાઝપી કરી ખૂનની ધમકી આપી**

શખ્સે વૃદ્ધા પાસેથી રૂ. ૫૦૦ના છૂટા માંગ્યા હતા

| માણસા | (સં.ન્યૂ.સ.)

માણસા તાલુકાના મહુડી ગામે આવેલ જૈન મંદિરના સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધાની પડોશમાં રહેતો શખ્સ તેમની પાસે પાંચસો રૂપિયાના છૂટા લેવા માટે આવ્યો હતો. પરંતુ વૃદ્ધા પાસે છૂટા પૈસા ન હોવાથી તેમણે ના પાડતા શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને વૃદ્ધાને માર મારી ખૂનની ધમકી આપી ચાલ્યો ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા તાલુકામાં આવેલ અને સુપ્રસિદ્ધ તીર્થધામ મહુડી ખાતે આવેલ જૈન મંદિરના સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા ૭૨ વર્ષિય નિર્મળાબેન મનુલાલ ખેમચંદ શાહ તેમના પુત્ર સાથે રહે છે. તેમનો પુત્ર અહીં મંદિરમાં નોકરી કરતો હોવાથી આજે સવારે ૭ વાગ્યે ઘરેથી નીકળી ગયો હતો. આશરે ૧૧ વાગ્યાના સુમારે વૃદ્ધાના બાજુના મકાનમાં રહેતો તેજસ સુભાષભાઈ શાહ નામનો શખ્સ તેમના ઘરે આવ્યો હતો અને રૂ.૫૦૦ના છૂટા નિર્મળાબેન પાસે માંગ્યા હતા. પરંતુ વૃદ્ધા પાસે ફક્ત ૪૦૦ રૂપિયા છૂટા હોવાથી તેમણે ના પાડતાં શખ્સ એકદમ ઉશ્કેરાઈ ગયો અને વૃદ્ધા સાથે ગાળા ગાળી કરી ઝપાઝપી કરી હતી. જેમાં વૃદ્ધાએ હોબાળો કરતાં અન્ય પાડોશી મહિલા દોડી આવ્યા હતા અને તેમણે વૃદ્ધાને વધુ મારથી બચાવ્યા હતા. હુમલાખોરે જાનથી મારી નાખવાની વૃદ્ધાને ધમકી આપી હતી. બનાવની જાણ વૃદ્ધાએ તેમના પુત્રને કરતા તે તાત્કાલિક ઘરે દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધાએ હુમલાખોર તેજસ સુભાષભાઈ શાહ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**હોબાળો સાંભળી અન્ય પડોશી મહિલા દોડી આવ્યા અને વૃદ્ધાને શખ્સના ચુંગલમાંથી છોડાવ્યા**

# વલાદમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં જુગાર રમતા જુગારીઓના રંગમાં ભંગ

પોલીસે દરોડો પાડી ચાર નબીરાઓને ઝડપી લીધા

| ડભોડા | (સં.ન્યૂ.સ.)

ગાંધીનગરના વલાદમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામા જુગારની બાજી માંડીને બેઠેલા ચાર નબીરાઓને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા હતા. જુગાર સ્થળેથી ૧૦ હજારની રોકડ કબજે કરીને તમામ વિરુદ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધ્યો હતો. પોલીસે રેડ કરતા તમામ ઈસમો ભાગવા જતા હતા ત્યારે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ડભોડા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ફરતા ફરતા વલાદ પાસે આવતા ખાનગીમાં બાતમી મળી હતી. વલાદમાં આવેલા બાલમંદિર આગળ ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક ઈસમો જુગારની બાજી માંડીને બેઠા છે.

હકીકતના આધારે પોલીસે સ્થળ ઉપર રેડ કરીને ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. જુગાર રમતા ઝડપાયેલા ઈસમોના નામ પૂછતા મેલાજી ઈશ્વરજી ઠાકોર, મયૂર દીપક ઠાકોર, વિજય વિષ્ણુજી ઠાકોર તથા જયદિપ શકરભાઈ ઠાકોર (તમામ રહે.વલાદ) હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે ઈસમોની અંગજડતી તેમજ સ્થળ ઉપરથી કુલ ૧૦૨૨૦ની રોકડ કબજે કરી હતી. તમામ વિરુદ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધ્યો હતો.


શું તમે પેટમાં દુઃખાવો, અપચો, ગેસ, કબજિયાત, ઝાડા, એસીડીટી, હાર્ટબર્ન, ઉલ્ટી, ભૂખ ના લાગવી, વજનમાં અકારણ ઘટાડો કે પેટની બિમારીઓના અન્ય લક્ષણોથી પરેશાન છો?

કાઈઝેન હોસ્પિટલ, અમદાવાદના પેટના રોગોના નિષ્ણાતની ઓપીડી

હવે કલોલમાં





ડૉ. અંકિત આર. પટેલ
MD, DNB (GI)
ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ, હેપેટોલોજિસ્ટ અને એન્ડોસ્કોપીસ્ટ

શનિવાર, 31 ડિસેમ્બર, 2022

સમયઃ સવારે 10 થી 1

માય લાઈફ હોસ્પિટલ : 1, શ્રીનગર સોસાયટી, મહારાજા લેન્ડમાર્ક હોટેલની સામે, કલોલ

ઉપલબ્ધ ઉપચાર

અન્નનળી અને પેટના રોગો • પેટના કેન્સર
પિત્તાશય અને લીવરના રોગો • સ્વાદુપિંડના રોગો
નાના અને મોટા આંતરડાના રોગો • સારણગાંઠ • મેદસ્વીતા

એન્ડોસ્કોપીની સુવિધા ઉપલબ્ધ

KAIZEN HOSPITAL
Institute of Gastroenterology & Research Centre
Care • Compassion • Cure

NABH ACCREDITED

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો :
M : 70460 12330
એપોઈન્ટમેન્ટ અગાઉથી લેવી જરૂરી. જૂના તમામ રિપોર્ટ અને ચાલુ દવાઓની જાણકારી અચૂકપણે સાથે લાવવી.

કાઈઝેન હોસ્પિટલ, 132 ફીટ રિંગ રોડ, હેલ્મેટ સર્કલ પાસે, મેમનગર, અમદાવાદ-52. | www.kaizenhospital.com

પેટના તમામ રોગો માટેની ભારતની NABH અધિકૃત પ્રથમ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ

## તંત્રીની કલમે

### વિશ્વમાં એકમાત્ર હિન્દુ રાષ્ટ્રની ઓળખનો અંત

# ચીનના પરમ મિત્ર નેપાળની સત્તા પર, ભારત ચિંતિત

નેપાળ રાજાશાહી વ્યવસ્થા ધરાવતો દેશ હતો. ઘણા નાના રજવાડા હતા. ત્યારબાદ ૧૭૬૮માં અહીં શાહ વંશ આવ્યો. તેના રાજા પૃથ્વી નારાયણ શાહે નેપાળના પૂર્વ અને પશ્ચિમી રજવાડાઓ જીતીને એકીકરણ કર્યું. તે પછી શાહ વંશના રાજાઓએ નેપાળ પર શાસન કરવાનું શરૂ કર્યું. આ પરિસ્થિતિ ૧૮૪૬ માં બદલાઈ ગઈ. આ વર્ષે નેપાળની રાજાશાહીમાં બળવો કર્યો. તેને આર્મી જનરલ જંગ બહાદુર રાણા દ્વારા ચલાવવામાં આવ્યો હતો. તેઓ નેપાળના વડાપ્રધાન બન્યા. કહ્યું કે જેમ રાજાનો પુત્ર રાજા બને છે તેવી જ રીતે હવે મારો ઉત્તરાધિકારી વડાપ્રધાન બનશે. આવી સ્થિતિમાં શાહ વંશના લોકો ગાદી પર બેસતા હતા પરંતુ રાણા વંશના લોકો સત્તા ચલાવતા હતા. આ વ્યવસ્થા ૧૦૪ વર્ષ સુધી ચાલી. વર્ષ ૧૯૫૧માં રાણા વંશનું વિસર્જન થયું હતું. તેમને દૂર કરીને શાહ વંશનો પરિવાર ફરી એકવાર સત્તા પર આવ્યો. નવા રાજાએ રાણા દ્વારા લાવવામાં આવેલ બંધારણને પણ હટાવી દીધું. નેપાળનું બીજું બંધારણ ૧૯૬૯માં લાવવામાં આવ્યું હતું. બાદમાં નેપાળના રાજાએ તમામ રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂક્યો જે લગભગ ૩૦ વર્ષ સુધી ચાલ્યો. એપ્રિલ ૧૯૯૦ માં તેની સમાપ્તિ સાથે ફરીથી નવું બંધારણ લાવવામાં આવ્યું. જે બાદ નેપાળમાં બહુપક્ષીય લોકશાહીની વ્યવસ્થા લાગુ કરવામાં આવી હતી. પરંતુ વાસ્તવિક શક્તિ હજુ પણ રાજા પાસે હતી. એક સમયે શાળાના શિક્ષક પ્રચંડે માઓવાદી ગેરીલાઓની સેના બનાવી. આ ગેરીલાઓની ગણતરી દક્ષિણ એશિયાના સૌથી ખરાબ બળવાખોર જૂથોમાં થતી હતી. લગભગ એક દાયકા સુધી આ લડાઈ ચાલી. ૧ જૂન ૨૦૦૧ના રોજ રાજમહેલના ભીષણ હત્યાકાંડ પછી નેપાળનું રાજકારણ હંમેશ માટે બદલાઈ ગયું. વર્ષ ૨૦૦૬માં ગિરજાપ્રસાદ કોઈરાલાને દેશના વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. તેણે બળવાખોર માઓવાદી જૂથને વાતચીત માટે આમંત્રણ આપ્યું. આ વાતચીત દ્વારા નવેમ્બર ૨૦૦૬માં કોઈરાલા અને પ્રચંડ વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સાથે નેપાળના ગૃહયુદ્ધનો અંત આવ્યો. તેણે ૨૦૦૮ની સામાન્ય ચૂંટણીમાં ભાગ લીધો અને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી. આ પછી પ્રચંડ નેપાળના વડાપ્રધાન બન્યા. તે જ વર્ષે નેપાળમાં રાજાશાહીનો અંત આવ્યો અને લોકશાહી પ્રણાલી દાખલ કરવામાં આવી. આગામી દિવસોમાં, તેણે રાજાશાહીને નાબૂદ કરવા, વિશ્વના એકમાત્ર હિંદુ રાષ્ટ્રની ઓળખને સમાપ્ત કરવા અને રાજ્યની મુદ્રામાંથી ચિહ્ન દૂર કરવા, માઓવાદી લડવૈયાઓને મુક્ત કરવા અને તેમને નેપાળી સૈન્યનો ભાગ બનાવવા સુધીની તેમની યોજનાઓનું ઝડપથી અનુસરણ કર્યું. બાદમાં નેપાળે એક પછી એક વડાપ્રધાન બદલવાનો તબક્કો જોયો અને સૌથી રસપ્રદ વાત એ છે કે કોઈ પણ પોતાનો કાર્યકાળ પૂરો કરી શક્યું નથી.

## મેનેજમેન્ટ ટિપ્સ

# કંપનીઓએ તેની પ્રાથમિકતા કર્મચારીઓને જણાવવી જોઈએ

પ્રબંધકો નસીબદાર હોય છે કે જેઓ જેમના કર્મચારીઓની રુચિઓ કુદરતી રીતે કંપનીની પ્રાથમિકતાને અનુરૂપ હોય છે. જો તમે એ રીતે નસીબદાર ના હોવ તો નીચે દર્શાવેલી ત્રણ પદ્ધતિ અપનાવો. તે પદ્ધતિ અપનાવતાં તમારી કંપની કર્મચારીઓ પાસે જે કરાવવા માંગતી હોય તે બાબતની તેઓ પરવા કરતા થઈ જશે. તમામ બાબત માટે સમીક્ષાના સમય સુધી પ્રતીક્ષા ના કરો. નિયમિતપણે પોતાના કર્મચારીઓને પૂછતા રહો કે તે વ્યક્તિગત ધોરણે કઈ બાબતની સૌથી વધુ પરવા કરે છે. મેનેજરના રૂપમાં તમારી એ જાણવાની જરૂર છે કે કઈ બાબત તેમને પ્રેરિત કરે છે. પોતાના કર્મચારીઓને જણાવી દો કે કંપનીને હવે પછીના સપ્તાહ, મહિને અને વર્ષમાં શું હાંસલ કરવાની જરૂર છે. પ્રાથમિકતાઓમાં ફેરફાર ના કરો. સ્પષ્ટતા સાથે આ બાબત વારંવાર કહો. જ્યારે ઉપરોક્ત બંને બાબતો સ્પષ્ટ થઈ જાય તે પછી કર્મચારીઓની રુચિને કંપનીની પ્રાથમિકતાને અનુરૂપ બનાવવા મહત્તમ પ્રયાસ કરો. (હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ)

## ટુડે ઇન હિસ્ટ્રી

# બોલિવૂડના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાનો આજે જન્મદિવસ

બોલિવૂડના પ્રથમ સુપર સ્ટાર તરીકે જેની ગણના થાય છે એ રાજેશ ખન્નાનો ૨૯ ડિસેમ્બર, ૧૯૪૨ના રોજ જન્મ થયો હતો. તેમનું મૂળ નામ જતીન ખન્ના હતું. લગભગ દોઢ દાયકા સુધી દેશના યુવા હૈયા પર તેમનું રાજ હતું. પડદા ઉપર રોમાન્સ ક્ષેત્રે તેમણે જે કરી બતાવ્યું તે ઈતિહાસ બની ગયું. તેમણે કુલ ૧૮૦ ફિલ્મોમાં કામ કર્યું, ૧૨૮ ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવી, ૨૨ ફિલ્મોમાં ડબલ રોલ કર્યો. ૧૯૬૯થી ૧૯૭૧ દરમિયાન તેમણે સતત ૧૫ સુપરહિટ ફિલ્મ આપી હતી. તેઓ ત્રણવાર ફિલ્મ ફેર એવોર્ડ વિજેતા બન્યા હતા. ૧૪ વાર તેમનું નોમિનેશન થયું હતું. ૨૦૦૫માં તેમને ફિલ્મ ફેરનો લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મળ્યો હતો. ૧૯૬૬માં ફિલ્મ આખરી ખતથી તેમણે તેમની કારકિર્દી શરૂ કરી હતી. ૧૯૬૬થી ૧૯૭૧ દરમિયાન તેમની ૭૪ ફિલ્મની સુવર્ણજયંતી ઊજવાઈ. ૧૯૬૬થી ૧૯૯૧ દરમિયાન ૨૨ ફિલ્મની રજત જયંતી ઊજવાઈ. જીવનના પાછલા હિસ્સામાં તેઓ રાજકારણમાં પણ પ્રવેશ્યા હતા. મુંબઈમાં તેમની સ્કૂલના સાથીદાર રવિ કપૂર હતા જે આગળ જતા જિતેન્દ્રના નામે પ્રખ્યાત થયા હતા. ૧૮ જુલાઈ, ૨૦૧૨ના રોજ મુંબઈ ખાતે તેમનું અવસાન થયું હતું.

- રવિ તન્ના

## અનુસંધાન

■ પહેલાં પાનાનું ચાલુ

### ચંદ્રાલા નજીક લક્ઝરીમાં....

હતો. લક્ઝરી બસોમાં દારૂની હેરાફેરી હવે સામાન્ય બાબત જાણેકે બની ગઈ છે. ખેપિયાઓ મુસાફરના સ્વાંગમાં લક્ઝરી બસમાં દારૂની હેરાફેરી કરવા લાગ્યા છે. જેનાથી પોલીસ પણ હવે વાકેફ થઈ ગઈ છે. તેમાંપણ ચંદ્રાલા પાસે જ પોલીસે પણ ધોંસ વધારી દીધી છે. અહીં આવતી મોટાભાગની લક્ઝરી બસોનું પોલીસ ચેકીંગ કરે છે.

### ચાંદખેડાની સગીરાને લગ્નની...

શખ્સની ધરપક કરી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યુ હતું. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકિલ સુનિલ પંડયાએ આરોપી સામે કાયદાનુસાર સખત સજા કરવા દલીલ કરી હતી. કોર્ટે બંને પક્ષના વકિલોની દલીલ સાંભળી ન્યાયાધિશ એસ.ડી. મહેતાએ આરોપી જીમ્મી મકવાણાને આઈપીસી ૩૬૩ અંતર્ગત એક વર્ષની કેદ અને એક હજારનો દંડ , આઈપીસી ૩૬૬માં ત્રણ વર્ષની કેદ અને ત્રણ હજારનો દંડ તથા પોક્સો હેઠળ ત્રણ વર્ષની કેદ અને ત્રણ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસ કેદની સજા ફટકારી છે.

### બહુ કરી ભાઈ...! Yom

તમારા ભાઈ તો એવા ડરી ગયા છે કે, કોરોનાથી બચવા માટેનું રિહર્સલ ચાલુ પણ કરી દીધું.





## HAPPY BIRTHDAY



નામ: કેયાનકુમાર ઠાકર
પપ્પા: યોગેશભાઈ
મમ્મી:સોનલબેન
જન્મ તા.:૨૯.૧૨.૨૦
સ્થળ: ઈસનપુર મોટા

સંદેશ તમામને સંદેશ તરફથી જન્મદિનની શુભેચ્છા

છ વર્ષથી ઓછી વયના બાળકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તથા જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ નકલ નીચે જણાવેલ કોઈપણ એક જગ્યાએ જન્મ તારીખના એક અઠવાડીયા અગાઉ મોકલી આપશો. ૧. નજીકની બ્યુરો ઓફિસ ૨. વોટ્સએપ નંબર ૯૮૨૫૨૧૧૧૩૯ ઉપર 3. હેપ્પી બર્થ ડે - જિલ્લા સમાચાર વિભાગ, બીજો માળ, સંદેશ ભવન, લાડ સોસાયટી રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૫૪ ઉપર કુરિયર મારફતે મોકલી આપશો.

જે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવામાં આવશે


## સંક્ષિપ્ત સમાચાર

### ચૌધરી એમ.એડ.કોલેજમાં લઘુશોધ નિબંધ પર કાર્યશિબિર



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી એમ.એડ. મહિલા કોલેજમાં અભ્યાસક્રમ અંતર્ગત લઘુશોધ નિબંધના શિર્ષકની રચના સંબંધિત કાર્યશિબીર યોજવામાં આવી હતી. કાર્યશિબીરમાં સમગ્ર સ્ટાફ તથા તમામ તાલીમાર્થી બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### કલોલની જોયફુલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો



કલોલના પંચવટી વિસ્તારમાં આવેલ જોયફુલ ઈન્ટરનેશનલ લર્નિંગ એકેડમીમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ઘણા બધા વિદ્યાર્થીઓ ખુબજ સારું પ્રદર્શન કર્યું હતું. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરીવાર વતી શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### વ્યસનમુક્તિ અભિયાન અર્થે માણસામાં જાહેર કાર્યક્રમ યોજાયો



સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ અને ફ્રેન્ડસ મિશનરી પ્રેયર બેન્ડના સંયુક્ત પ્રયાસોથી વ્યસન મુક્તિ અભિયાન અર્થે એમ.જી.ચૌધરી વિદ્યાસંકુલ, માણસા ખાતે જાહેર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પારા લીગલ વોલ્યુન્ટીયરસ અનિલ કક્કડએ વક્તવ્ય આપ્યું હતું. વર્તમાન સમયમાં તમાકુ એ આપણા સમયમાં તમાકુ એ સમાજનું ભયાનક દુષણ બની ગયું હોવાનું અને વધુને વધુ યુવાનોઆ દુષણના ભરડામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. સિગારેટ, બીડી, પાન, માવા, ખૈની, જર્દા, મસાલા, સોપારી, છીંકણી જેવા વ્યસનથી થતા નુકશાન અંગે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ૧૫૦થી વધુ વ્યક્તિઓને જીવનપર્યંત દરેક પ્રકારના વ્યસનોથી દૂર રહેવા શપથ લેવડાવ્યા હતા.

### સ્વ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ યોજાયો



આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં સ્વ. પુ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધો-૧ થી ૮ના ૬૯૬ વિદ્યાર્થીઓએ દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, લીંબુ ચમચી, ઘડા દોડ, એકલવ્ય બેલેન્સ, સંગીત ખુરશી, બોલ એન્ડ બકેટ, ફુગ્ગા દોડ, દોરડા કૂદ, બ્રોડ જંપ વગેરે જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. એકથી ત્રણ નંબર વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણ પત્ર આપી તેમના કૌશલ્યને બિરદાવવામાં આવ્યા હતા.

### પ્લાસ્ટિકને રિ-સાઇકલ કરી રિ-યૂઝથી માહિતગાર કર્યા




એસએસવી શાળામાં પ્લાસ્ટિકનું રિ-સાઇકલ કરી તેના યોગ્ય ઉપયોગ વિશેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. પ્લાસ્ટિકનું રિ-સાઇકલ કરી તેમાંથી બનતી વિવિધ વસ્તુઓની મહાપાલિકાની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ લાવેલા બીનજરૂરી પ્લાસ્ટિકની બોટલો, રમકડાં વગેરે પ્લાન્ટમાં મોકલવામાં આવ્યા હતા. ગાંધીનગરને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવા શક્ય તેટલો પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટેની પણ સમજ આપવામાં આવી હતી.

### એમ.બી.પટેલ ગર્લ્સ સ્કૂલમાં બાલોત્સવ યોજાયો




એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ સેક્ટર-૨૩ ખાતે ધોરણ-૧થી ૮માં બાલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાંચન, શ્રુત લેખન, યાદ શક્તિ, વન મિનિટ ગેમ, શીઘ્ર લેખન સહિતની સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને રમાડવામાં આવી હતી.

## અનુસંધાન

■ છેલ્લાં પાનાનું ચાલુ

### સેક્ટર-૨૪ સહિત...

ઝડપથી પૂરી કરવા સિટી ઈજનેરને સુચના આપી હતી. ચેરમેન પટેલેએ અર્બન હેલ્થ સેન્ટરમાં હાજર ડો. દર્શિલ પારેખ સાથે પણ ચર્ચા કરી હતી. જેમાં પ્રો-રેટા પ્રમાણે દવાનો જથ્થો ઉપલબ્ધ થાય તે માંગને ધ્યાને લીધી હતી. અહીં હિમોગ્લોબીન ચેક કરવા માટે સીબીસી એનૅલાઈઝર એક્સપાયર થઈ ગયેલું હોવાની વિગત પ્રકાશમાં આવી હતી. તબીબને સ્ટોકમાં એનૅલાઈઝર રાખવા આગ્રહ કર્યો હતો. કારણ, ઘણીવાર નવી વસ્તુ લેવા માટે પ્રોસેસ કરવામાં સમય નીકળી જતો હોય છે. તેવામાં દર્દીને જ્યારે સીબીસી ટેસ્ટ કરાવવાનો થાય ત્યારે મશીનરીના અભાવે તેને ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા જવું પડે, આ પ્રકારની સ્થિતી ઉભી ન થવી જોઈએ તે બાબત પર ચેરમેનએ ભાર મૂક્યો હતો.


## જાહેર નોટીસ

મે.ગાંધીનગરના એડી.ચીફ.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ જજ સાહેબશ્રીની કોર્ટમાં, ગાંધીનગર.
અરજદાર તરફે એડવોકેટ જીતેન્દ્ર એસ.આસોડિયા, ક્રિ.પ.અ.નં.૧૬૯૮/૨૦૨૨

અરજદાર : પટેલ (ચૌધરી) સુરજબેન વેલજીભાઈ, રહે.માતા પુરા, છાલા, તા.જી.ગાંધીનગર. વિરૂદ્ધ, સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, છાલા ગ્રામ પંચાયત, મુ.છાલા, તા.જી.ગાંધીનગર. બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરી જન્મનો દાખલો મેળવવા આદેશાત્મક હુકમ મેળવવા અરજ. આથી જાહેર જનતાને આ જાહેર નોટીસથી જણાવવાનું કે અરજદારના પુત્રી ચૌધરી શાન્તાબેન વેલજીભાઈનો તારીખ : ૦૧-૦૬-૧૯૭૨ ના રોજ માતા પુરા, છાલા, તા.જી.ગાંધીનગર ખાતે જન્મ થયેલ હોય જે અંગે જન્મ નોંધણીનો આદેશ મેળવવા સારુ અત્રેની કોર્ટમાં અરજદારે અરજ કરેલ છે જો કોઈપણ ઈસમને જન્મનો દાખલો આપવા સામે વાંધો કે હરકત હોય તો તેઓએ જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧-૦૧-૨૦૨૩ ના રોજ કલાક ૧૧.૦૦ વાગે નામદાર કોર્ટમાં હાજર રહેવું જો કોઈપણ ઈસમનો વાંધો કે તકરાર રજુ નહી થાય તો આગળની યોગ્ય ન્યાયીક પ્રક્રિયા કરી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૨૮-૧૨-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર (જી.કે.ચૌધરી) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એન.બી.ફકીર) સુપ્રિટેન્ડન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (કે.એ.સોલંકી) રજીસ્ટ્રારશ્રી ચીફ.જ્યુ.મેજી.કોર્ટ, ગાંધીનગર.

## જાહેર ચેતવણી સામે જવાબ

આ જાહેર નોટીસ/ચેતવણી શ્રી જયંતીજી કાળાજી ઠાકોર નાઓ દ્વારા તેમના વકીલ શ્રી અજીતસિંહ એ.ગોહીલ દ્વારા આપેલ તા.૨૨-૧૨-૨૦૨૨ ની જાહેર ચેતવણી/નોટીસ ની સામે આપવામાં આવેલ છે તેની સામે અમારી પ્રતિ ચેતવણી/જવાબ... મોજે : પેથાપુર, તા.જી.ગાંધીનગરની સીમમાં બ્લોક/સર્વે નં.૨૯૩૧, હે.આરે. ૦-૫૩-૬૨ ચો.મી. વાળી ખેતીની જમીન તે તમારા અસીલ નાઓની ભાઈઓ ભાગે મુજબની વડીલો પાર્જીત માલીકી કબજા ભોગવટાની જમીન આવેલી જણાવેલ છે, તે વાત તદન ખોટી અને ગેરકાયદેસરની છે, હકીકતતો એ છે કે ઉપરોક્ત જમીન અમારા અસીલોની વડીલો પાર્જીત કબજા ભોગવટાની આવેલ છે, જે જમીનમાં તમારા અસીલોનો કોઈપણ લાગભાગ કે કોઈ હક્ક હિસ્સો રહેલ નથી. જનતાને ગેરમાર્ગે દોરવા થઈ તમોએ આ નોટીસ/ચેતવણી આપેલ છે તે પરત ખેંચવી જો તેમ કરવામાં નહી આવે તો અમારા અસીલો તમારા અસીલ સામે મળતી કાયદાકીય સલાહ સુચનો મુજબની કાયદેસરની દીવાની તેમજ ફોજદારી કાર્યવાહી કરશે, જેના પરીણામની તમામ જવાબદારી તમારા અશીલશ્રી ની રહેશે. તા.૨૮-૧૨-૨૦૨૨.

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી
વિક્રમસિંહ વી.સોલંકી, ચિરાગ જે.પ્રજાપતિ (એડવોકેટ)
રહે.પ્રાંતિયા, તા.જી.ગાંધીનગર.


## નામ બદલેલ છે

મેં મારું જુનું નામ આગજા અકા પરમાર પ્રતીકકુમાર સુભાષચંદ્ર બદલીને નવું નામ આગજા પ્રતીકકુમાર સુભાષચંદ્ર રાખેલ છે.
-: સરનામું :-
રોહિત વાસ, મુ.તા.માણસા, જી.ગાંધીનગર-૩૮૨૮૪૫

## નામ બદલેલ છે

મેં મારું જુનું નામ ચૌધરી મીતકુમાર રમેશભાઇ બદલીને નવું નામ ચૌધરી મીત રમેશભાઇ રાખેલ છે.
-: સરનામું :-
વેલજીવાસ, બાપુપુરા, તા.માણસા, જી.ગાંધીનગર-૩૮૨૮૪૫

## બેસણું



અમારા પિતાશ્રી/દાદાશ્રી
**સ્વ. ડાહ્યાભાઇ અંબાલાલ વાણિયા**
તા. ૨૭-૧૨-૨૦૨૨ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૨૯-૧૨-૨૦૨૨ ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં. ૧૪૨૫/૧, ચર્ચની બાજુમાં, સેક્ટર-૩-સી, ગાંધીનગર.

ગૌતમકુમાર ડાહ્યાભાઇ વાણિયા
પાર્થ ગૌતમકુમાર શાહ
પ્રશાંત જીગ્નેશભાઇ શાહ

મણીલાલ વાલજીભાઇ વાણિયા
મહેન્દ્રભાઇ વાલજીભાઇ વાણિયા
મનુભાઇ મંગળભાઇ વાણિયા

મો.: ૯૪૨૮૫૦૩૧૪૨, ૬૩૫૨૧૬૬૧૪૩

## જાહેર નોટીસ

ગાંધીનગરના મે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) સાબેશ્રીની કોર્ટમાં
અરજદાર તરફે એડવોકેટશ્રી એન.કે.પરમાર, ક્રિ.પ.અ.નંબર : ૭૦/૨૦૨૨

અરજદાર : પટેલ રમણભાઈ આત્મારામ, ઉ.વ.આ.૭૬, ધંધો-નિવૃત, ધર્મે-હિન્દુ, રહે.૨૫, વિવિધ ભારતી સોસાયટી, ભાવસાર હોસ્ટેલ પાસે, નવાવાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩, મો.નં.૯૮૨૪૪ ૨૪૪૩૨. વિરૂદ્ધ, સામાવાળા : ૧) તલાટી કમ મંત્રીશ્રી, દંતાલી ગ્રામ પંચાયત, ગામ-દંતાલી, તા.જી.ગાંધીનગર. બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મનું પ્રમાણપત્ર મેળવવા બાબતે અરજ. આથી નોટીસથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદાર નામે પટેલ રમણભાઈ આત્મારામના ભાણીયા નામે અશોકકુમાર પ્રભુદાસ પટેલના લિંવીગ સર્ટીફીકેમાં તેમની જન્મ તારીખ : ૨૪-૧૦-૧૯૬૪ છે. અમો અરજદારના ભાણીયાનો જન્મ ગામ-દંતાલી, તા.જી.ગાંધીનગર ખાતે થયેલ છે અમો અરજદાર કાયદાની પ્રક્રિયાઓ અને નિયમોથી અજાણ હોઈ અશોકકુમાર ના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી ગામ-દંતાલી, તા.જી.ગાંધીનગર ના જન્મના સરકારી રેકર્ડ જન્મની નોંધણી અમો અરજદારે કરાવેલ નથી જે શરતચુક અને ભુલથી અજ્ઞાનતાને કારણે અમો અરજદાર દ્વારા થયેલ છે. ભવિષ્યમાં અમારે ફેમીલી સાથે વિદેશમાં પ્રવાસ અર્થે જવાનું હોઈ પાસપોર્ટ કઢાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. અને જે બાબતની જાણ અમો અરજદારને થતા અમો અરજદારે આ અરજીના સામાવાળા પાસે અમો અરજદારના ભાણો અશોકકુમારના જન્મ પ્રમાણપત્રની માંગણી કરેલ પરંતુ સામાવાળા દ્વારા જન્મ બાબતનું નોંધણી રેકર્ડ તપાસ કરતા વર્ષ-૨૦૨૨ મા અમો અરજદારનો ભાણો અશોકકુમારની નોંધણી રેકર્ડમાં નોંધવામાં આવેલ નથી અને જે બાબતે આ અરજીના સામાવાળાએ તારીખ : ૧૧-૧૧-૨૦૨૨ ના રોજ અશોકકુમાર ના જન્મ બાબતે નોંધણી થયેલ નથી તે બાબતનું અપ્રાપ્ય પ્રમાણપત્ર (ફોર્મ નં.૧૦) અમો અરજદારને તલાટી કમ મંત્રીશ્રી દંતાલીની સહી અને સિક્કા સાથે આપવામાં આવેલ છે. જેથી જન્મનું પ્રમાણપત્ર મેળવવાનું હોઈ અંગે કોઈપણ વ્યક્તિ, ઈસમ, સંસ્થા, કચેરીને આ અંગે કોઈ વાંધો વિરોધ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી મુદત તારીખ : ૦૫-૦૧-૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પુરાવા સાથે નામદાર કોર્ટમાં હાજર થવાનું રહેશે અને જો કોઈ ઈસમના વાંધા કે હરકત રજુ નહી થાય તો આગળની યોગ્ય અને ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૨૮-૧૨-૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એચ.ડી.ટુંડિયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (ડી.પી.જાદવ) સુપ્રિટેન્ડેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (કે.એ.સોલંકી) ડે.રજીસ્ટ્રારશ્રી ચીફ.જ્યુડી.મેજી.કોર્ટ ગાંધીનગર.

## જાહેર નોટીસ

મહે.ગાંધીનગરના પાંચમાં એડી.ચીફ.જ્યુડી.મેજી.શ્રી આર.એમ.કાલોત્રા સાહેબશ્રીની કોર્ટમાં,
અરજદાર તરફે વકીલશ્રી વિપુલ વી.પટેલ, ક્રિ.પ.અ.નં.૯૬૩/૨૦૨૨, આંક - મુ.ગાંધીનગર (બીજો માળ)

અરજદાર : નરબતાભાઈ કેસરાભાઈ પટેલ (ચૌધરી), રહે.મુ.ઘેસડા, પો.વડગામડા, તા.થરાદ, જી.બનાસકાંઠા, વિરૂદ્ધ, સામાવાળા : સબ રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી, ગાંધીનગર મહાનગર પાલિકા, સેક્ટર-૧૧, ગાંધીનગર. બાબત : જન્મ-મરણ અધિનિયમ : ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત. આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદારના પુત્ર નામે “વાકજીભાઈ નરબતાભાઈ પટેલ” નુ ગઈ તા.૧૪-૦૭-૨૦૨૦ ના રોજ પ્લોટ નં.૨૨૩/૧, કિશાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે અવસાન થયેલ છે. પરંતુ જે તે સમયે શરતચુકના કારણે તેઓના મરણ અંગેની સામાવાળાની કચેરીમાં નોંધ થયેલ ન હોઈ અને અરજદાર તેમના પુત્ર થતા હોઈ તેઓના મરણની તેઓની પ્રત્યક્ષ જાત માહિતી હોઈ તેઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ તેમના પુત્રના મરણની નોંધણીનો હુકમ મેળવવા માટે સદર અરજી અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૯૬૩/૨૦૨૨ થી દાખલ કરેલ છે. તો તે અંગે કોઈપણ ઈસમ અગર સંસ્થાને વાંધો તે તકરાર હોય તો તેઓએ જાતે અગર તેમના માહીતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦-૦૧-૨૦૨૩ ના રોજ કલાક ૧૧.૦૦ વાગે હાજર રહેવું અને લેખિત વાંધા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો કે તકરાર નથી તેમ જાણી અત્રેની અદાલત આગળની ઈન્સાફી કાર્યવાહી કરી જે તે ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. આજ તા.૨૮-૧૨-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જી.જી.સૈદાંણે) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સુપ્રિટેન્ડેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (કે.એ.સોલંકી) રજીસ્ટ્રારશ્રી ચીફ.જ્યુડી.મેજી.કોર્ટ, ગાંધીનગર.

## બેસણું



અમારા ભાઈશ્રી
**રાવલ પ્રવિણભાઈ મણીલાલ**
તા.૨૬-૧૨-૨૦૨૨ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું, તેની અકળ ગતિ કોણ જાણી શકે સદ્ગતનું બેસણું તા.૦૧-૦૧-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રાહ્મણવાસ, વૈજનાથ મહાદેવની પાછળ, બોરીસણા, કલોલ.

લિ. શોકાતુર લીલામણી પરિવાર
રાવલ રજનીકાંત મણીલાલ (ભાઈ) - 9824427946
રાવલ ફરશુભાઈ મણીલાલ (ભાઈ) - 9924082323
રાવલ હસમુખભાઈ મણીલાલ (ભાઈ)
રાવલ હાર્દિકભાઈ પ્રવિણભાઈ (પુત્ર) - 9913142817
રાવલ કેતનભાઈ રજનીકાંત (ભત્રીજો) રાવલ રવિભાઈ ફરશુભાઈ (ભત્રીજો)
રાવલ પ્રતીકભાઈ ફરશુભાઈ (ભત્રીજો) રાવલ કરણભાઈ હસમુખભાઈ (ભત્રીજો)

પિયરપક્ષ (દસલાણા)નું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.

શોક મગ્ન પિયરપક્ષ
સ્વ.જયશંકર પુરુષોત્તમદાસ પંડ્યા સ્વ. સુરેશભાઈ જયશંકર પંડ્યા
સ્વ. વાસુદેવભાઈ જયશંકર પંડ્યા કિરણભાઈ વાસુદેવભાઈ પંડ્યા
મયુરભાઈ સુરેશભાઈ પંડ્યા

## સંદેશ કલાસિફાઈડ

[ નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । નામ બદલેલ । અન્ય ]



### નોકરી ખાલી છે

#### અન્ય

**Telecom 5G Company** SMS Job કરીને છોકરા-છોકરીઓ, ગૃહિણીઓ ઘરેથી કમાઓ 18500-58500 મહીને, મોબાઈલ, લેપટોપ મફત, જોબ હેતુ Name Whatsapp કરો. 9051554423, 8609785411.
0040311166

**એરપોર્ટ ભર્તી ગ્રેજ્યુએટ-** અનપઢ છોકરા- છોકરીઓ જોઈએ છે મેનેજર, સુપરવાઈઝર, હેલ્પર, ડ્રાઈવર, લોડર, રહેવું, જમવું ફ્રી 49900-85500. 7496010607, 8950913576.
0040311036



### વ્યવસાયલક્ષી

#### ફાયનાન્સ

**ધનલક્ષ્મી ફાયનાન્સ, આધાર** લોન, 30000-99,00,000, 2% વ્યાજ, 50% છૂટ, સિવિલ ખરબ લોન મેળવો. 8287913480.
0040311158



### ધંધાદારી

**મેન્યુફેક્ચરિંગ વ્યવસાય** (બિનઅનુભવી) ઘરેથી મીની પાવર કન્ટ્રોલર બનાવી 40,000થી વધુ કમાવો અમદાવાદ. 9824728364, 9824724342.
0040311176




### નામ પરિવર્તન

**Change My Name** Sutharharshad Jagdishchandra To Suthar Harshadkumar Jagdishchandra. Address: 3, Harivila Duplex, Kalol Gandhinagar. 0040311191

**My Name Change** Patel Amrishbhai Amrutlal to Patel Amrishkumar Amrutlal. Address: 113/A, Auda Township, Kalol Gandhinagar- 382721.
0040311190

વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. - જાહેરખબર મેનેજર

ગોળનો જથ્થો હરસોલથી દહેગામ તરફ લવાતો હતોઃ સેમ્પલ એફએસલમાં મોકલાવાયા

# દહેગામના બાયડ ત્રણ રસ્તા પાસે ડાલામાંથી ૧૮૦૦ કિલો શંકાસ્પદ ગોળનો જથ્થો ઝડપાયો

કાર્યવાહી

## ગોળ અખાદ્ય નીકળશે તો વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવશે

। દહેગામ । (સં.ન્યૂ.સ.)

દહેગામ પાસે આવેલા બાયડ ત્રણ રસ્તા પોસથી પોલીસે શંકાસ્પદ ગોળનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પીકઅપ ડાલામાં લઈ જવામાં આવતા ૧૮૦૦ કિલો ગોળના જથ્થાને કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ગોળના જથ્થાનું પરીક્ષણ કરવા માટે એફએસએલની મદદ લઈને સેમ્પલ તપાસ અર્થે મોકલવામાં આવ્યુ હતુ. તપાસમાં ગોળનો જથ્થો અખાદ્ય નીકળે તો વાહન ચાલક વિરુધ્ધ ગુનો નોંધવામાં આવશે. ગોળ તેમજ વાહન કબજે કરીને હાલમાં જાણવા જોગ નોંધ કરીને તપાસ ચલાવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ દહેગામ પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે ખાનગી રાહે હે.કો. શૈલેશ દેસાઈને બાતમી મળી હતી કે દહેગામ થી બાયડ રોડ ઉપર એક પીકઅપ ડાલુ શંકાસ્પદ ગોળના જથ્થા સાથે દહેગામ તરફ આવી રહ્યુ છે. આ હકીકતના આધારે પીએસઆઈ વી.બી. રહેવર સાથે પોલીસના માણસો દહેગામ પાસે આવેલા બાયડ ત્રણ રસ્તા પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. દરમિયાન બાતમીવાળુ પીકઅપ ડાલુ નંબર જીજે.૧૮.એટી.૧૭૯૦ બાયડ તરફથી દહેગામ તરફ આવતુ જણાતા પોલીસે ઈશારો કરીને રોકી પાડ્યુ હતુ. ચાલકને ઉતારીને ડાલાના પાછળના ભાગમાં તપાસ હાથ ધરી હતી. તાડપત્રીથી ઢાંકવામાં આવેલા ડાલમાં પાછળના ભાગમાં જોતા અંદરથી ગોળનો મોટો જથ્થો મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. ડાલામાં પ્લાસ્ટીકના કટ્ટાઓમાં ગોળનો જથ્થો ભરેલો હતો. ૩૦ કટ્ટા મળી આવ્યા હતા જેમાં એક કટ્ટામાં ૬૦ કિલો ગોળનો જથ્થો ભરવામાં આવ્યો હતો. ગોળનો જથ્થો હરસોલથી ભરીને દહેગામ તરફ આવતો હતો. ગણતરી કરવામાં આવતા ૧૮ હજારની કિંમતનો કુલ ૧૮૦૦ કિલો જથ્થો મળી આવતા કબજે કરવામાં આવ્યો હતો. હાલમાં આ જથ્થો અખાદ્ય છે કે નહી તેની તપાસ હાથ ધરવામાં આવી છે. સેમ્પલને એફએસએલમાં તપાસ માટે મોકલવામાં આવ્યુ છે અને ગોળનો જથ્થો અખાદ્ય નીકળશે તો ગુનો નોંધવામાં આવશે એમ વિગતો પીએસઆઈ વી.બી. રહેવરે જણાવી હતી. જોકે હાલમાં શંકાસ્પદ ગોળના જથ્થાને કબજે કરીને જાણવાજોગ નોંધ કરવામાં આવી છે.






ફોટો । મુકેશ ખત્રી

### અખાદ્ય ગોળના વેચાણ પર પ્રતિબંધ છે

દહેગામ પાસેથી પકડી પાડવામાં આવેલો શંકાસ્પદ ગોળનો જથ્થો જો અખાદ્ય નીકળે તો ગુનો નોંધાશે. જોકે અખાદ્ય ગોળનો ઉપયોગ મહત્તમ દેશી દારૂ ગાળવા માટે થતો હોવાની વિગતો છે. દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા બુટલેગરો દારૂ ગાળવા માટે આવા ગોળનો ઉપયોગ કરતા હોય છે. ૧૮૦૦ કિલો ગોળનો જથ્થો મોટી માત્રા ગણી શકાય. સામાન્ય રીતે અખાદ્ય ગોળનુ વેચાણ કે હેરાફેરી પ્રતિબંધિત છે. આવા ગોળના જથ્થાને દુકાનમાં વેચાણમાં કે અન્ય ઉપયોગ કરી શકાતો નથી. મોટી માત્રામાં ઝડપી પાડવામાં આવેલા ગોળના જથ્થાની તપાસ બાદ જ જાણવા મળશે કે કયા ઉપયોગથી લઇ જવાતો હતો.

## સ્વચ્છ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર






સ્વચ્છતા મુદ્દે લોકોમાં જાગૃતિ આવે અને આદતોમાં સુધારો લાવવાના હેતુસહ કોર્પોરેશન દ્વારા ‘સ્વચ્છ સ્પર્ધા’ યોજવામાં આવી હતી. સ્વચ્છ ગાંધીનગરના સુત્ર સાથે પોસ્ટર ડ્રોઇંગ, મુવી મેકીંગ, જીંગલ મેકીંગ, વક્તૃત્વ તથા સ્ટ્રીટ પ્લે જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના વિજેતાઓને આજરોજ મેયર, ડે.મેયર, સ્થાયી ચેરમેનના હસ્તે ચેક તથા સર્ટિફીકેટ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# સેક્ટર-૨૪ સહિત તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં પેવરબ્લોક નાખવા સૂચના

## દર્દીઓને દવાખાનામાં પ્રવેશતાં સ્વચ્છ માહોલ મળવો જરૂરી

। ગાંધીનગર ।

સેક્ટર-૨૪ના અર્બન હેલ્થ સેન્ટરની સ્થાયી સમિતી ચેરમેનની આકસ્મિક મુલાકાત દરમિયાન કેમ્પસમાં સફાઈનો અભાવ જણાતા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પેવરબ્લોક નાંખવાનો તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે મહાપાલિકા હસ્તકના તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં ખૂલ્લી જગ્યા પર પેવરબ્લોક નાંખવાની વિચારણા બાબતે ચેરમેન જશવંત પટેલે વિગતો આપી હતી.

સેક્ટર-૨૪માં શાકમાર્કેટમાં પેવરબ્લોકીંગના ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી સ્થાયી સમિતી ચેરમેન જશવંત પટેલ એકાએક અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાતે પણ પહોંચી ગયા હતા. જ્યાં કેમ્પસમાં ખુલ્લી જગ્યા પર સફાઈ જળવાઈ રહે અને સારવાર માટે દવાખાનામાં આવતાં દર્દીઓને પણ સ્વચ્છતાભર્યો માહોલ મળે તે બાબતને ધ્યાને લઈ સ્થળ પર જ હાજર સિટી એન્જીનિયર એમ.કે.પટેલને પેવરબ્લોક નાંખવા માટે સૂચના આપી હતી. ચેરમેનએ વિગતો આપતાં વધુમાં કહ્યું કે, મહાપાલિકા વિસ્તારના તમામ અર્બન હેલ્થ સેન્ટરોના કેમ્પસની ખૂલ્લી જગ્યામાં સાફસફાઈ સરળતાથી થઈ શકે તે હેતુસર પેવરબ્લોક નાંખવામાં આવશે. ભવિષ્યમાં રેઈનવોટર હાર્વેસ્ટીંગ માટે પણ વિચારણા કરાશે. સે-૨૪ના દવાખાનામાં પાણીની નવી ટાંકી બનાવવામાં આવી છે. પરંતુ પાણીનું જોડાણ અપાયું નથી તે બાબત ધ્યાને આવતાં તે કામગીરી

અનુસંધાન પાના નં.3 ઉપર




પ્રો-રેટા પ્રમાણે દવાનો જથ્થો અને સીબીસી એનેલાઈઝર મુદ્દે સ્થાયી ચેરમેનની તબીબ સાથે ચર્ચા

# છત્રાલ હાઈવે ઉપર યુરિયાનો શંકાસ્પદ જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ : ૮૦ બેગ જપ્ત કરાઈ

## ગાંધીનગર એલસીબીએ ટ્રકચાલક અને તેના સાથીદારની ધરપકડ કરી

। કલોલ । (સં.ન્યૂ.સ.)

કલોલ વિસ્તારમાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસના જવાનો પેટ્રોલીંગ કરતા હતા. ત્યારે તેઓએ યુરીયાનો શંકાસ્પદ જથ્થો ભરેલી ટ્રક ઝડપી લીધી હતી. પોલીસે યુરીયાની ૮૦ બેગો ભરેલી ટ્રક ઝડપી લીધી હતી. અને તેના ચાલક તથા સાથીદારની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ વિસ્તારમાં ગાંધીનગર એલ.સી.બી. ટુના પોલીસ જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા.પ્રોહિબિશન નાઈટ અન્વયે આ જવાનો પેટ્રોલીંગમાં હતા. ત્યારે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક ટાટા ગાડી નંબર જી.જે. ૦૨ એ.ટી ૧૮૯૨ માં શંકાસ્પદ ખાતરની થેલીઓ ભરેલી છે અને આ ટ્રક મહેસાણા તરફથી છત્રાલ બ્રીજ નીચે થઈ પસાર થવાની છે. તે બાતમીના આધારે પોલીસે છત્રાલ બ્રીજ નીચે વૉચ ગોઠવી હતી. ત્યારે બાતમી મુજબની ટ્રક આવી ચડી હતી.

પોલીસે ટ્રકને અટકાવીને તલાસી લેતા અંદરથી યુરીયા ખાતરના દાણા જેવો પદાર્થ ભરેલ કુલ ૮૦ થેલીઓ જેમાં ૫૦ કીલોની એક બેગ એવી ૮૦ બેગોમાં ૪૦૦૦ કિલો યુરીયા ખાતરનો જથ્થો ભરેલ માલુમ પડયું હતું. પોલીસે ટ્રકના ચાલક હસમુખકુમાર વિહાભાઈ ચૌધરી (રહે. ચૌધરી વાસ વણાગલા, તા.ઉંઝા) અને તેના સાથીદાર અબ્બાસખાન શેરખાન સમેજા (રહે. દત્ત ફેકટરી હસનપુર તા.વિસનગર) ની ધરપકડ કરી હતી અને ટ્રક અને ટ્રકમાં રહેલ યુરિયાના જથ્થા બાબતે તેમની પૂછતાછ હાથ ધરવામાં આવતા તેઓ યોગ્ય જવાબ આપતા ન હતા. જેથી બંનેની ધરપકડ કરીને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. પોલીસે યુરીયા ખાતરની ૮૦ થેલીઓ વજન ૪૦૦૦ કિલો કિંમત રૂપિયા ૨૪૦૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ ત્રણ કિંમત રૂ.૧૦૫૦૦ તથા ટ્રક કિંમત રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૫,૩૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને ટ્રકના ચાલક તથા તેના સાથીદાર સામે ગુનો દાખલ કર્યો હતો. યુરીયાના જથ્થા બાબતે તેના ચાલક ચૌધરી હસમુખભાઈની પૂછતાછ હાથ ધરવામાં આવતા તેણે જણાવ્યું હતું. કે તેના ઓળખીતા ધવલકુમાર શંકરભાઈ ચૌધરી (રહે. ખદલપુર વિસનગર વાળા)એ ગાડી લઈને વિજાપુર બોલાવ્યા હતા. અને વિજાપુર થી ગાંધીનગર જતા રોડ ઉપર ચોકડી ખાતેથી ખાલી ગાડી લઈ અને તેઓ ત્યાં પહોંચ્યા હતા. જેમાં ખાતરની થેલીઓ ભરીને આપવામાં આવી હતી. અને તેમને કહેવામાં આવ્યું હતું. કે આ ખાતર છત્રાલ પહોંચાડવાનું છે અને છત્રાલ પહોંચીને તેમનો સંપર્ક કરવાનો હતો. અને એ જ્યા કહે ત્યાં માલ પહોંચાડવાનો હતો. આ બાબતની કબુલાત કરતા પોલીસે વધુ તપાસ ચલાવી છે.



ફોટો । જીગ્નેશ બ્રહ્મભટ્ટ

## કલોલના ધાનજ પાસે રેલવે ટ્રેક ઉપર કપાઈ જતા અજાણ્યા યુવકનું મોત

। કલોલ । (સં.ન્યૂ.સ.)

કલોલ પાસેના ધાનજ રેલવે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટે આવેલા અજાણ્યા ૪૦ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર કલોલ પાસેના ધાનજ ગામે ખોડીયાર અપ લાઈનમાં એક ૪૦ વર્ષીય યુવક ટ્રેન નીચે આવીને કપાઈ ગયો હતો. જેની જાણ રેલ્વે સ્ટેશન માસ્તરે કલોલ તાલુકા પોલીસને કરતા કલોલ તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને લાશને પી.એમ. અર્થે કલોલના સામુહીક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી લાશના વાલી વારસોની શોધખોળ હાથ ધરી છે.

# શાળાઓમાં યોજાતા કાર્યક્રમોમાં ભારતીય સંસ્કૃતિના વારસાનું સન્માન જાળવવા તાકીદ

## કોઈપણ ધર્મ, જાતિ કે સમુદાયના અપમાનના કિસ્સામાં શાળા જવાબદાર ગણાશે

। ગાંધીનગર ।

શાળાઓમાં યોજાતા વિવિધ કાર્યક્રમોમાં ભારતીય સંસ્કૃતિના વારસાનું સન્માન જળવાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાકીદ કરવામાં આવી છે. જો, આ બાબતમાં કસુરવાર જોવા મળશે તો જે તે શાળા જવાબદાર ગણાશે. ખાસ કરીને વાર્ષિકોત્સવ કાર્યક્રમો દરમિયાન રજૂ થતી કૃતિઓની અગાઉથી જ ચકાસણી કરી લેવા માટે પણ તાદિક કરવામાં આવી છે.

### વાર્ષિકોત્સવ જેવા કાર્યક્રમોમાં રજૂ થતી કૃતિઓની અગાઉથી જ ચકાસણી કરવી

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ સરકારી, ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોને આ મામલે લેખિત તાકિદ કરી છે. ઉલ્લેખની છેકે, શાળા કક્ષાએ વિવિધ પ્રકારના વાર્ષિકોત્સવ અને અન્ય જાહેર કાર્યક્રમોનું સમાયંતરે આયોજન કરવામાં આવે છે. જેમાં નાટકો, વક્તવ્ય, ગીત અભિનય ગરબા કે અન્ય દ્રશ્ય શ્રાવ્ય સ્વરૂપે વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવે છે. આ પ્રકારની કૃતિઓમાં કોઈપણ ધર્મ, જાતિ, સમુદાયની લાગણી કે ઠેસ પહોંચવાની ભવિષ્યમાં બનાવો બન્યા છે. જેને નિવારવા માટે કૃતિઓ રજૂ થાય તે પૂર્વે જ તેની ચકાસણી કરવા આચાર્યોને જણાવવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છેકે, આવા કોઈપણ પ્રકારના બનાવોમાં જવાબદારી શાળાના વહિવટીતંત્રની બને છે. જિલ્લા શિક્ષણાધિકારીએ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવા તેમજ આ પ્રકારના કાર્યક્રમોમાં ભારતીય સંસ્કૃતિના ગૌરવપુર્ણ વારસાનુ સન્માન જળવાય અને તેની કાળજી રાખવા પણ શાળાના વહીવટી તંત્રને તાકિદ કરી છે.

### શાળાઓમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવા પણ તાકીદ

શાળાઓમાં કોરોનાની ગાઇડલાઇનનું ચુસ્ત પાલન કરવા પણ જણાવવામાં આવ્યુ છે. ખાસ કરીને બાળકોને માસ્કનો ઉપયોગ કેવી રીતે કરવો અને શક્ય હોય ત્યાં સુધી સોશિયલ ડિસ્ટન્સ અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ આચાર્યોને જણાવ્યુ છે.

ઘઉંનું ૨૮,૭૦૦ અને બટાટાનું પણ બમ્પર ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર

# રવીપાકના વાવેતરની સિઝન પૂર્ણ : જિલ્લામાં રેકર્ડબ્રેક ૮૧,૭૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર

## ચારેય તાલુકામાં સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૨૬,૪૦૩ અને સૌથી ઓછું કલોલમાં ૧૦,૧૭૯ હેક્ટરમાં વાવેતર થયું



### જિલ્લાના ચાર તાલુકામાં થયેલ વાવેતર વિસ્તારના આંકડા

| તાલુકાનું નામ | વાવેતર વિસ્તાર( હે.) |
|---|---|
| દહેગામ | ૨૧૮૬૬ |
| ગાંધીનગર | ૨૬૪૦૩ |
| કલોલ | ૧૦૧૭૯ |
| માણસા | ૨૩૩૩૬ |

। ગાંધીનગર ।

ગાંધીનગર જિલ્લામાં રવિપાકના વાવેતરની સિઝન પુર્ણ થઈ છે. આ વખતે ખેડૂતોનો ઝુકાવ ઘઉ અને બટાટા અને શાકભાજી તરફ વધુ રહ્યો છે. ખેડૂતોએ રેકર્ડબ્રેક ૮૧૭૦૦ હ ેક્ટર વિસ્તારમાં વાવેતર કર્યુ છે. જે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશની સરખામણીમાં ૭ હજાર હેક્ટર વધુ છે. જિલ્લામાં સૌથી વધુ વાવેતરમાં આ વખતે ગાંધીનગર તાલુકો અવ્વલ રહ્યો છે જ્યારે સૌથી ઓછા વાવેતરના મામલામાં કલોલે પરંપરા જાળવી રાખી છે.

જિલ્લાની ૯૫ ટકા ખેતી પિયત પર આધારીત છે. સારા ચોમાસાના પગલે ભુગર્ભજળ ઉંચા આવ્યા છે. જેની અસર શિયાળુ ખેતી પર જોવામળી રહી છે. આ વર્ષે જિલ્લાના ખેડૂતોએ બમ્પર વાવેતર કર્યુ છે. છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કરતા આ વખતે ૭ હજાર હેક્ટર વિસ્તારમાં વધુ વાવેતર થયુ છે. જેમાં બટાટા તથા ઘઉ અને શાકભાજીના બમ્પર વાવેતરનો સમાવેશ થાય છે. રોકડિયો પાક ગણાતા બટાટાનું જિલ્લામાં ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. બટાટા માટે દહેગામ અને ગાંધીનગર તાલુકો મુખ્ય ગણાય છે. જેમાં દહેગામ તાલુકામાં ૫૩૪૭ અને ગાંધીનગર તાલુકામાં ૬૪૦૦ હેક્ટર વિસ્તારમાં બટાટાનું વાવેતર થયુ છે. સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં માત્ર ૮૧ હેક્ટરમાં થયુ છે. જ્યારે ઘઉના વાવેતરમાં પણ ગાંધીનગર તાલુકાએ રેકોર્ડ તોડ્યો છે ગાંધીનગર તાલુકામાં ૧૦૫૪૩ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર થયુ છે જ્યારે સૌથી ઓછુ કલોલ તાલુકામાં ૪૯૨૮ હેક્ટરમાં થયેલા વાવતરનો સમાવેશ થાય છે. જિલ્લામાં તમાકુનું ૪૪૨૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જેમાં મોટાભાગનું એટલેકે, ૩૫૯૭ હેક્ટર વિસ્તાર માત્ર માણસાનો છે. જ્યારે શાકભાજીનું ૮૬૬૦ હેક્ટર તથા ઘાસચારાનું ૨૧૨૮૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. ભાલ વિસ્તારનો પાક ગણાતા ચણાનું પણ વાવેતર થયુ છે. જેમાં માણસામાં ૪૧૦ હેક્ટર તથા દહેગામ તાલુકામાં ૫૦૧ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયુ છે. જ્યારે કલોલમાં માત્ર ૧૪ હેક્ટરમાં ચણાનું વાવેતર નોંધાયુ છે. જ્યારે વળિયાળીનું વાવેતર ૯૮૯ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

શાકભાજીનું જે ૮૬૬૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે તેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૧૪૮ હેક્ટર અને ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૨૭૭૧ હેક્ટરનો સમાવેશ થાય છે. શિયાળુ પાક માટે અત્યારે વાતાવરણ પણ અનુકુળ છે. છેલ્લા એક સપ્તાહથી ઠંડીનું જોર વધ્યુ છે. જે ઘઉં, ચણા સહિતના શિયાળુ પાક માટે ફાયદાકારક બની રહેશે.

# યુવક નરોડા જઈ પાછો આવ્યો એટલામાં જ કોમ્પ્લેક્ષ આગળથી એક્ટિવા ગુમ

## થોડા દિવસ પહેલો કારના કાચ તોડીને ચોરીની ઘટના બની હતી

। દહેગામ । (સં.ન્યૂ.સ.)

દહેગામમાં અનાર નવાર કારના કાચ તેમજ વાહન ચોરી કરતા તત્વો સક્રીય જોવા મળી રહ્યા છે. નેહરુ ચોકડી પાસે આવેલા બાલમુકુંદ કોમ્પેલેક્ષ આગળ પાર્ક કરેલા એક્ટીવાની ચોરી થઇ ગઇ હતી. ૩૦ હજારના વાહન ચોરીની ફરીયાદ નોંધવામાં આવી હતી. થોડા દિવસ પહેલા બાઇકની ચોરીની ઘટના પણ બની ચુકી છે. યુવક નરોડા જઇને પાછો આવ્યો એટલી વારમાં પાર્ક કરેલુ એક્ટીવા ચોરાઇ ગયુ હતુ.

દહેગામના બાલમુકંદ કોમ્પલેક્ષ આગળ પાર્ક કરેલી કારનો કાચ તોડીને ૬૦ હજારની રોકડ રકમની ઉઠાંતરી કરવાની ઘટના બની હતી. આ ઘટનાની શાહી હજી સુકાઇ નથી ત્યાં આજ સ્થળે વધુ એક ચોરીની ઘટના બની હતી. દહેગામના ચંદનવાસમાં રહેતો અજય ઉર્ફે જીગો રાજેશભાઇ ઠાકોર નામનો યુવાન ગત ૨૫ મીના રોજ મિત્ર વાસુદેવ સરાણિયા સાથે એક્ટીવા નંબર જીજે.૧૮.ડીએમ .૧૦૪૯ લઇને ઘરેથી નિકળ્યો હતો. રાત્રે નવ વાગે બાલ મુકુંદ કોમ્પલેક્ષ આગળના પાર્કીગમાં મુક્યુ હતુ. એક્ટીવાને મુક્યા બાદ રાત્રે મિત્રની ગાડીમાં નરોડા ખાતે જઇને રાત્રે સાડા અગિયાર વાગે પરત ફર્યા હતા. ગાડીમાંથી ઉતરીને એક્ટીવા જે જગ્યાએ પાર્ક કરીને મક્યુ હતુ તે જગ્યાએ લેવા માટે જતા ચોંકી ઉઠ્યા હતા. સ્થળ ઉપરથી એક્ટીવા ગુમ હતુ. આસ પસામાં તપાસ કરી હતી તેમજ દહેગામ બજારમાં પણ તપાસ કરી હતી. કોઈ જ જગ્યાએ વાહનની ભાળ મળી શકી નહોતી. આખરે વાહન ચોરાઇ ગયુ હોવાની જાણ થતા દહેગામ પોલીસ મથકમાં ૩૦ હજારની કિંમતના એક્ટીવાની ચોરીની ફરીયાદ નોંધાવી હતી. તાજેતરમાં દહેગામ શહેરમાંથી વાહન ચોરીની તેમજ ગાડીના કાચ તોડીને ચોરી કરવાની ઘટનાઓ સામે આવી છે.

### ગાંધીનગર : હવામાન

| લઘુત્તમ તાપમાન | મહત્તમ તાપમાન |
|---|---|
| 10.2 ડિગ્રી | 27.0 ડિગ્રી |

ભેજનું પ્રમાણ : સવારે : ૬૯ ટકા, સાંજે : ૩૮